રાજ્યમાં ખેડુતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટસ ઉપલબ્ધ કરાવવાની યોજનાના ઠરાવમાં સુધારા બાબત.

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક : બજટ/૨૦૧૪/૧૪૪૭/બ.
સચિવાલય,ગાંધીનગર
તારીખ : ૧૯/૦૮/૨૦૧૫

<u>વંચાણે લીધા</u>: (૧) વિભાગનો તા.૨૫/૦૯/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ/૨૦૧૪/૧૪૪૭/ક૧
(૨) વિભાગનો તા.૨૬/૧૧/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ/૨૦૧૪/૧૪૪૭/ક૧
(૩) વિભાગનો તા.૦૨/૦૨/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બજટ/૨૦૧૪/૧૪૪૭/બ
(૪) ગુ.ઉ.વિ.નિ.લી., વડોદરાનો તા.૨૧/૦૭/૨૦૧૫નો પત્ર ક્રમાંક:GUNNL/Tech./AKF/Solar/1463
(૫) ગુ.ઉ.વિ.નિ.લી., વડોદરાનો તા.૨૩/૦૭/૨૦૧૫નો પત્ર ક્રમાંક:GUNNL/Tech./AKF/Solar/1481

<u>પ્રસ્તાવના:</u>

રાજ્ય સરકારના વંચાણે લીધેલ ક્રમાંક (૧), (૨) અને (૩)માં નિર્દિષ્ટ ઠરાવોથી રાજ્યના ખેડુતોને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી "સૌર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના" અમલમાં મુકવામાં આવેલ છે.

<u>સુધારા ઠરાવ:</u>

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.,વડોદરાએ તેમના તા.૨૧/૦૭/૨૦૧૫ તથા તા.૨૩/૦૭/૨૦૧૫ના પત્રથી સદર યોજનામાં સુધાર-વધારા કરવા માટે રજૂ કરેલ દરખાસ્ત અંગે સરકારશ્રીએ પુખ્ત વિચારણા કરી ઉકત યોજનામાં આથી નીચે મુજબના સુધારા કરવાનું ઠરાવેલ છે.

(૧) તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ કૃષિ વિજ જોડાણની અરજીની નોંધણી થઈ હોય અને અંદાજપત્ર પાઠવવામાં આવ્યું હોય અને જેમણે અંદાજપત્રની રકમ ભરપાઈ કરી હોય તેવા અરજદારો આ યોજનાનો લાભ મેળવવા પાત્ર હોવાનું ઠરાવેલ હતું. તેમાં તા.૩૧/૧૨/૨૦૧૪ ને બદલે તા.૩૧/૦૭/૨૦૧૫ સુધીમાં ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ થઈ હોય તેવા અરજદારોને આ યોજનાનો લાભ મળી શકશે.

(૨) આ અગાઉ કૃષિ વીજ જોડાણ માટે નોંધાયેલ ના હોય તેવા અરજદારોને પણ આ યોજનાનો લાભ મળી શકશે. આવા અરજદારો પાસેથી ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં મળેલ અરજીઓ વિચારણામાં લેવાની રહેશે.

વંચાણે લીધેલ ત્રણેય ઠરાવોની અન્ય શરતો અને બોલીઓ અને અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શોભના દેસાઈ)
અધિક સચિવ
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

૧. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી,ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. વડોદરા.
૨. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા.
૩. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ.
૪. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત.
૫. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા.
૬. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી,ગુજરાત એનર્જી ટ્રાંસમીશન કોર્પોરેશન લી. વડોદરા.
૭. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીકલ કોર્પોરેશન લી. વડોદરા.
૮. મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી અને શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
૯. નિયામકશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર.
૧૦. જનરલ મેનજરશ્રી, ગુજરાત પાવર કોર્પોરેશન લી. ગાંધીનગર.
૧૧.નાયબ સેકશન અધિકારીશ્રી, અંગત ફાઇલ-૨૦૧૫.
૧૨.પસંદગી ફાઈલ-૨૦૧૫.